# મહેસુલી તલાટી પરીક્ષા સંદર્ભે મહસૂલ વિભાગની મેરીટ યાદી અંગે સ્પષ્ટતા

ગાંધીનગર, તા.૧૬

રાજયના મહેસૂલ વિભાગ દ્વારા ગત ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ રાજયભરમાંમહેસૂલી તલાટીની ૧૫૦૦ જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસૂલી તલાટી પરીક્ષાનું પરિણામ અને લગભગ પાંચ ગણા ઉમેદવારોની કામ ચલાઉ મેરીટ યાદી મહેસૂલ વિભાગે તાજેતરમાં પ્રસિધ્ધ કરી છે જેમાં કેટલાક વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોની આજે વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. મહેસૂલ વિભાગ ભરતી સમિતિના સભ્ય સચિવ અને સંયુકત સચિવ કે.એમ. અધ્વર્યુએ મહેસુલી તલાટી પરીક્ષા સંદર્ભે પ્રમાણપત્રોની ચકાસણી માટેનો કાર્યક્રમ અંગે તથા કટ ઓફ મેરીટ અંગેની સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તાજેતરમાં વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ મહેસૂલી તલાટી યાદી સંદર્ભે ઘણા ઉમેદવારો તરફથી પૃચ્છા થાય છે કે યાદીમાં તેમના કરતા ઓછા ગુણ વાળા એટલે કે ૩૫ ટકા સુધીના ઉમેદવારોનું નામ છે અને તેના કરતા વધુ ગુણ મળ્યા હોવા છતાં તેમનું નામ નથી. આ અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે મહેસૂલી તલાટી પરીક્ષાનું પરીણામ જે તે કેટેગરીમાં તેમના નામ સામે કટ ઓફ માર્કસ સુધીના ઉમેદવારોનો સમાવેશ મેરીટ યાદીમાં કરવામાં આવ્યો છે. આ કટ ઓફ માર્કસથી ઓછા માર્કસવાળા જે ઉમેદવારો છે તે માત્ર વિધવા, માજી સૈનિક, અપંગ, રમત ગમત કેટેગરીના ઉમેદવારો છે. જેથી તેઓને ઓછા માર્કસ હોવા છતા યાદીમાં સમાવેશ કરેલ છે.

આથી કટ ઓફ માર્કસ સુધીના માર્કસ ધરાવતા જનરલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો એ જ પ્રમાણ પત્રોની ચકાસણી માટે આવવાનું રહેશે. મહેસૂલ વિભાગની વેબસાઈટ www.revenuedepartment. gujarat. gov.in પર જે ઉમેદવારોને પ્રમાણપત્રની ચકાસણી માટે બોલાવેલ છે તેની નામ સાથેની યાદી મૂકેલ છે. તેમાં તેઓના નામ છે કે કેમ તેની ચકાસણી કરીને તે મુજબ ઉમેદવારો પ્રમાણપત્રોની ચકાસણી માટે આવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

| અ.નં. | કેટેગરી | કટ ઓફ માર્કસ |
|---|---|---|
| ૧ | જનરલ (પુરૂષ) | ૫૨.૫૦ |
| ૨ | જનરલ (સ્ત્રી) | ૫૦ |
| ૩ | અનુસૂચિત જાતિ (પુરુષ) | ૪૯.૮૮ |
| ૪ | અનુસૂચિત જાતિ (સ્ત્રી) | ૫૦ |
| ૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (પુરુષ) | ૫૧.૨૫ |
| ૬ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (સ્ત્રી) | ૪૭.૫૦ |
| ૭ | અનુસૂચિત જનજાતિ (પુરુષ) | ૪૦ |
| ૮ | અનુસૂચિત જનજાતિ (સ્ત્રી) | ૪૦ |

# આજે સે-૨-સીના સરકારી દવાખાનામાં નિઃશુલ્ક ડાયાબીટીશ-આંખની તપાસ શિબિર યોજાશે

## વિશ્વ દૃષ્ટિદિન નિમિત્તે તેજ આઈ સેન્ટર દ્વારા વસાહત મંડળના સૌજન્યથી ફ્રી આઈ - ડાયાબીટીશ ચેક અપ કેમ્પનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં વિશ્વ દૃષ્ટિ દિન નિમિત્તે તા. ૧૭મી ઓકટોબર શુક્રવારે નિઃશુલ્ક આંખની અને ડાયાબીટીશ તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફ્રી આઈ - ડાયાબીટીશ ચેક એપ કેમ્પ સેકટર-૨-સીના બગીચા પાસે આવેલ સરકારી દવાખાનામાં સાંજે ૫ થી ૭ વાગ્યા દરમિયાન યોજાશે.

વિશ્વમાં મહારોગ ડાયાબીટીશના કારણે ઘણા લોકોએ પોતાની આંખ ગુમાવવાનો વારો આવ્યો છે. આ માટે દરેક વ્યકિતએ નિયમિત આંખની તપાસ કરાવવી જરુરી છે. જેના કારણે દૃષ્ટિ ગુમાવવાનો વારો આવે નહીં. ગાંધીનગરના ડૉ. તેજલ દલાલના તેજ આઈ સેન્ટર દ્વારા વિશ્વ દૃષ્ટિ દિન નિમિત્તે ફ્રી આઈ - ડાયાબીટીશ ચેક અપ કેમ્પનું આયોજન કરાયું છે. ૩૫થી વધુ વર્ષની કોઈ પણ વ્યકિતને જો કુટુંબમાં કોઈકને પણ ડાયાબીટીશ હોય અથવા તેમની પોતાની કમર એટલે પેટનો પહોળાવો ૯૦ સેમી કરતા વધુ હોય અથવા પોતે બ્લડ પ્રેશરની દવા લેતા હોય તેવી વ્યકિતઓને તાત્કાલિક બ્લડ સુગર અને આંખોની તપાસ કરાવવી જોઈએ. આ નિઃશુલ્ક તપાસ શિબિરમાં દરેક વ્યકિતનું મફતમાં બ્લડ સુગર અને આંખોની તપાસ કરી આપવામાં આવશે. આ કેમ્પના આયોજનમાં સે-૨-સી વસાહત મંડળના પ્રમુખ અને જાગ્રત નાગરિક પરિષદના વાઈસ પ્રેસિડેન્ટ રાજેન્દ્રભાઈ પારેખ તેમજ ગાંધીનગર શહેર વસાહત મહામંડળનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.




ચ-૬ સર્કલ પાસે સમી સાંજે ટ્રેક્ટર અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત થયો હતો. ટ્રેક્ટરના ડ્રાઈવરે બેફામ ટ્રેક્ટર દોડધામ અલ્ટો કારને ટક્કર મારી હતી. સદ્નસીબે અંદર બેઠેલા વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો અને કારને નુકશાન થવા પામ્યુ હતુ. પરંતુ પહોલા રોડના કારણે બેફામ બનતા ડ્રાઈવરો સામે લાલ આંખ કરવાની જરૂર છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# હાલીસા પ્રા. શાળામાં સંગીતના સાધનો આપવા ડીએસપીની જાહેરાત

## વિદ્યાર્થીઓમાં રહેલી છુપી શક્તિઓ જરૂરી સાધનોના અભાવને લીધે ઢંકાય નહી તે આશયથી જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા. ૧૬ આજે હાલીસાની પ્રા. શાળાને ડીએસપીની સુચનાથી વિદ્યાર્થીઓ



હાલીસા પ્રા. શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનના ઉદ્‌ઘાટન દરમ્યાન લોકગીત રજુ કરવામાં આવ્યું હતું. તે જ વિદ્યાર્થીઓ દ્વારા આજે ડીએસપીની શાળા વિઝીટ દરમ્યાન સ્વાગત ગીત રજુ કર્યુ હતું. વિદ્યાર્થીઓમાં ટેલેન્ટ હોવા છતાં જરૂરી સાધનોના અભાવે તેમની શક્તિ છુપાઈ રહે છે. આમ ન થાય તે આશયથી સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલે સંગીતના સાધનો સહીત અન્ય જરૂરી સાધનો આપવાની જાહેરાત કરી છે.

ગાંધીનગરની દહેગામ તાલુકાની હાલીસા ગામમાં સ્થિત પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા ખાતે ડીએસપી દ્વારા વિઝીટનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ડીએસપી સાથે સુરક્ષા સેતુના લાયઝન અધિકારી પી.સી. વલેરા, મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. મિનાક્ષીબેન પટેલ સહિતના અધિકારીઓએ શાળાની વિઝીટ કરી હતી. માટે શાળાને સંગીતના સાધનો, કોમ્પ્યુટર, હિંચકા, લપસણી જેવા રમતના સાધનો તથા સાઉન્ડ સિસ્ટમ આપવાની જાહેરાત સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવી છે. શાળાના બે બાળકો મિલન અને કેવન માટે સંગીતની ખાસ તાલીમનું આયોજનનો ખર્ચ પણ સુરક્ષા સેતુ અંતર્ગત કરવામાં આવ્યો છે. જેને લઈ શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.


# કોબા રોડ પર ઈન્ડીકા કાર સળગી ઉઠતા નાસભાગ

## અમદાવાદથી આવી રહેલી કાર બળીને ખાખ : આગ દુર્ઘટનાથી હાઈવે પર ટ્રાફીક જામ થઈ ગયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક કોબા રોડ પર કમલમ સામે આજે સાંજના અરસામાં એક ઈન્ડીકા કાર એકાએક સળગી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી. અમદાવાદથી ગાંધીનગર તરફ આવી રહેલી ઈન્ડીકા કાર નં. જીજે-૧૮-યુ-૧૮૦૪ કોબા રોડ પર અચાનક સળગી ઉઠતા કાર સાઈડમાં ઉભી રાખી દઈ ચાલક ઉતરી ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને આ આગ અંગે જાણ કરતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે તાબડતોબ પહોંચી ગયા હતા.

જો કે આગ દુર્ઘટનાથી ટ્રાફીક જામ કોબા રોડ પર થઈ જતાં ફાયર બ્રિગેડના કાફલાને ઘટનાસ્થળે પહોંચવામાં પણ થોડો સમય વધુ લાગી ગયો હતો. પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે કોઈને ઈજા કે જાનહાનિ થવા પામી નથી. જો કે આગની લપેટમાં આવેલી ઈન્ડિકા કાર સળગીને ખાખ થઈ ગઈ હતી.



સેકટર-૮ સ્થિત કલોરેકસ પ્રિ-સ્કુલ દ્વારા આજે વર્લ્ડ ફુડ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. ભેળસેળના જમાનામાં નાગરિકોને શુધ્ધ આહાર આરોગવા વિવિધ પ્લે કાર્ડ દર્શાવી નગરજનોને સંદેશો પાઠવ્યો હતો. સમગ્ર વિશ્વમાં ૧૬મી ઓકટોબરને વર્લ્ડ ફુડ ડે તરીકે મનાવવામાં આવે છે ત્યારે આ દિવસની ઉજવણી સે-૮માં આવેલ કલોરેકસ પ્રિ-સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. ભેળસેળિયા વેપારીઓ દ્વારા વ્યાપક પ્રમાણમાં ભેળસેળ યુકત ખાદ્ય પદાર્થ વેચવામાં આવે છે ત્યારે શાળાના નર્સરી, પ્લે ગૃપના નાના બાળકોએ ઉંટલારીમાં બેસી વિવિધ પ્લે કાર્ડ દર્શાવ્યા હતા. બાળકોએ નગરના વિસ્તારમાં હેલ્થી ફુડ ખાવા માટેનો સંદેશ આપ્યો હતો તેમજ નગરના શ્રમજીવી વિસ્તારમાં બાળકોને હેલ્ધી ફુડનું વિતરણ કર્યુ હતું.

# ચંદ્રાલા ગામમાં એક ઓરડીમાંથી ૨૪ બેટરીઓની ચોરી

## *એરટેલ ટાવરની ઓરડીમાં તસ્કરોએ હાથફેરો કર્યો*

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આવેલા ચંદ્રાલા ગામમાં સ્થિત એરટેલ કંપનીની ઓરડીમાં તસ્કર ટોળકીએ હાથફેરો કર્યો છે. તસ્કરો ઓરડીમાં ઘુસીને તેમાં પડેલી ૨૪ બેટરીઓની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે સિક્યુરીટી સુપરવાઈઝરની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ચંદ્રાલા ગામમાં આવેલા એરટેલ કંપનીના ટાવરની ઓરડીમાં તસ્કરોએ નજર નાંખી તક મળતા જ હાથફેરો કરી લીધો છે. બે દિવસના સમયગાળામાં ત્રાટકેલા તસ્કરો ઓરડીમાં ઘુસીને તેમાં પડેલી રૂ. ૧૮ હજારની કિંમતની ૨૪ બેટરીઓની ચોરી કરી ભાગી ગયા હતા. આ ચોરી અંગે સિક્યુરીટી સુપરવાઈઝર ભાથીજી વીસાજી રબારીને જાણ થતા તેણે ચિલોડા પોલીસમથકમાં ચોરી અંગે ફરીયાદ આપી છે. ચિલોડા પોલીસે ચોરીની ફરીયાદ નોંધીને પી.એસ.આઈ. આર.એસ. રાજપુતે વધુ તપાસ શરૂ કરી છે.

# આદર્શ નિવાસી શાળામાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

આદર્શ નિવાસી શાળા સેકટર-૮ ખાતે શાળાકીય વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. રમતોની શરૂઆત મશાલ કાઢી કરવામાં આવી હતી. રમતોત્સવમાં ૧૦૦ મી. દોડમાં હીના સોલંકી પ્રથમ, લક્ષ્મી મકવાણા દ્વિતીય અને પુષ્પા ગોહિલે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ સ્પર્ધામાં શાળાની તમામ વર્ગની વિદ્યાર્થનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

# કોલવડા કેળવણી મંડળના પ્રમુખ-મંત્રીની સર્વાનુમતે વરણી

કોલવડા કેલવણી મંડળની કારોબારી સભા તા. ૧૦મી ઓકટોબરે સંસ્થાના પટાંગણમાં મળી હતી. જેમાં નવી કારોબારીની રચના



કરવામાં આવી હતી. નવી કારોબારીમાં કોલવડાના પાટીદાર અગ્રણી અને પટેલ રામજીમંદીરના ટ્રસ્ટી પ્રવિણભાઈ બાબુભાઈ પટેલની પ્રમુખ તરીકે અને રાજપૂત આગેવાન અને અગ્રાણી વેપારી છત્રસિંહ બબાજી વાઘેલાની મંત્રી પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ખાદી યુવા મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ભારત સરકારના આદેશ અનુસાર ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા ખાદી યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા મહોત્સવ અંતર્ગત કોલેજમાં પણ વિદ્યાર્થીઓને ખાદી પહેરવા પ્રોત્સાહિત કરવા, ખાદીના કાપડની વિવિધ બનાવટ, હસ્તકલાની ચીજવસ્તુઓ તેમજ ગૃહઉદ્યોગની વિવિધ બનાવટનું વેચાણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ખાદી ગ્રામોદ્યોગના ચેરમેન વિરેન્દ્રસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને હાથવણાટની ખાદીના વિવિધ કાપડો વિશેની સમજ આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીનીઓને અમદાવાદ સ્થિત કામધેનુ ગ્રામોદ્યોગ કેન્દ્રની મુલાકાતે લઈ જવામાં આવી હતી. જયા વિદ્યાર્થીઓને વિવિધ ચીજવસ્તુઓની જાણકારી આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. પ્રતિમા એમ. છનિયારા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રીમતી મનિષાબેન ચૌધરીએ પણ ખાદી ગ્રામોદ્યોગ કેન્દ્રની મુલાકાત લીધી. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને ખાદી પહેરવા અંગે પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

# શિવદાન ગઢવીના ગ્રંથોનો વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરમાં બ્રહ્માણી હોલ સે. ૨૩ ખાતે શિવદાન ગઢવીની કલમે કંડારાયેલા 'શબ્દો ગગનને ગાજ્યા' અને 'ધરાના સોહામણા રંગ' ગ્રંથોનું વિમોચન સમારોહ યોજવામાં આવશે. તા. ૧૯ ઓક્ટોબર રવિવાર, સવારે ૯.૦૦ વાગે કાર્યક્રમ યોજાશે. સમારંભના પ્રમુખ તરીકે જયંતિભાઈ બારોટ, ચેરમેન ગુજરાત પછાત નિગમ, રજનીભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# મોટા અંબાજી ખાતે બ્રહ્મ ચોર્યાસી તથા બ્રહ્મસંમેલન

ગાંધીનગર, તા. ૧૬

બ્રહ્મહિત રક્ષા સમિતિનાં ચેરમેન નરેશ રાજા તથા મહામંત્રી ડામરાજી રાજગોર અને પરસુરામ પરિવાર, અંબાજીવાળા દિનેશ હિરાલાલ મહેતા સંયુક્ત નીવેદનમાં અખબાર જોગ જણાવે છે કે તા. ૧૭-૧૦-૨૦૧૪ ને શુક્રવારે શ્રી જગદ્ જનની આરાસુરી અંબાજી માતાના ચાચર ચોકમાં પરસુરામ પરિવાર દ્વારા ગુરૂ પુષ્પામૃતમાં વિશ્વશાંતિ તથા વિશ્વ કલ્યાણનાં ઉદ્દેશથી યજ્ઞશાળામાં શતચંડી મહાયજ્ઞનું આયોજન કરેલ છે. બપોરે બે વાગ્યે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનાં પ્રમુખશ્રી શૈલેષભાઈ જોશીના અધ્યક્ષ પદે ગુજરાત ભરનાં ભૂદેવોનું સંમેલન ગણેશભુવન, પેટ્રોલપંપ પાછળ, અંબાજી ખાતે માજી સાંસદ હરિન પાઠક, જગદીશ દવે તથા અન્ય બ્રાહ્મણ આગેવાનોની ઉપસ્થિતિમાં બ્રાહ્મણનાં વિવિધ પ્રશ્નોની રજુઆત કરવા મળશે. સાંજના બ્રહ્મચોર્યાસીમાં ગુજરાતભરનાં ભુદેવો તથા ૫૦૦ કુમારીકાઓ આદ્યશક્તિ મા અંબાને ધરાવેલ પ્રસાગી (ભોજન) ગ્રહણ કરશે.

# પનઘટ સંસ્થાના કલાકારોએ બેંગ્લોરમાં પર્ફોમ કર્યુ

ઈનોવેટીવ ફિલ્મસિટી બેંગ્લોર ખાતે હેન્ડલુમ-હેન્ડીક્રાફટ મેળો યોજવામાં આવ્યો હતો. મેળામાં ગુજરાત રાજ્યની રમત-ગમત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સહયોગથી નગરની પનઘટ કલા સંસ્થાના કલાકારોએ રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા ભાગ લીધો હતો. કલાકારોએ મેળામાં રાજ્યના લોકનૃત્યો રજુ કર્યા હતા. કલાકારોને પ્રદર્શન બદલ ઈનોવેટીવ ફિલ્મ સિટીના સંચાલકો દ્વારા પ્રશસ્તિ પત્ર, શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા.

# સે. ૨૬ રાજપુત સમાજના હોદ્દેદાર નિમાયા

રાજપુત સમાજ સેક્ટર-૨૬, ગાંધીનગરની બેઠક તાજેતરમાં ઓફિસ ખાતે મળી હતી. બેઠકમાં આગામી એક વર્ષ માટે પ્રમુખ અને મહામંત્રીની વરણી કરવામાં આવી હતી. જેમાં ભરતસિંહ ચૌહાણ પ્રમુખ તરીકે અને ભરતસિંહ બિહોલાની મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૮
સૂર્યાસ્ત : ૬.૧૧

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૨ :**

બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

બેંગ બેંગ : ૧૦.૦૦

ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫

મુંબઈ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

**: સ્ક્રીન-૪ :**

સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

**: સ્ક્રીન-૫ :**

મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦

બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦

હૈદર : ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૨ :**

મુંબઈ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :**

સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. હીરાગૌરી હિરાલાલ ભટ્ટ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૧/૧, સેક્ટર-૧૪, ગાંધીનગર